# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-12-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## જિલ્લા આરોગ્ય સમીક્ષા બેઠક:

ભુજ તાલુકામાં આરોગ્ય વિષયક સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં શાળા આરોગ્ય તપાસણી, રસીકરણ, ન્યુટ્રીશન, ટી.બી. નિર્મૂલન અને કુટુંબ કલ્યાણ જેવી વિવિધ કામગીરીની વિગતો લેવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ માતા અને બાળ આરોગ્ય યોજનાની કામગીરીની સમીક્ષા કરી બાળ અને માતા મરણનાં કારણો પર વિશેષ ચર્ચા કરી હતી. તેમણે આરોગ્યલક્ષી યોજનાઓની પરિપૂર્ણતા માટે ફિલ્ડ સર્વે વધારવા અને ઘનિષ્ઠ સેવાઓ પૂરી પાડવા માટે અધિકારીઓ તેમજ કર્મચારીઓને કાર્યમાં સુધારો લાવવા સૂચના આપી હતી.

------------------------------------------------------------------------------------------

## મતદાર યાદી  ખાસ સુધારણા ઝુંબેશ:

રાજ્યની સાથે સરહદી કચ્છ જીલ્લામાં મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ હેઠળ કામગીરી ચાલી રહી છે. ભુજ નગરપાલિકાના નગરસેવિકા રસિલાબેન પંડ્યાએ પોતાના વિસ્તારમાં બીએલઓને એસઆઇઆરની કામગીરીમાં સહયોગ આપી અને પોતાની ફરજ અદા કરી હતી. આ પ્રસંગે તેમણે નાગરિકોને એસઆઇઆરનો ફોર્મ ભરી લોકતંત્રને મજબૂત બનાવવા અપીલ કરી હતી.

(રસિલાબેન પંડ્યા)

------------------------------------------------------------------------------------------

# માંડવીમાં વિકાસ કામો

માંડવી પ્રવાસન ક્ષેત્રે જાણીતું બન્યું છે, ત્યારે અહીંના ટોપણસર તળાવ અને તેના ઉપર આવેલા ઘનશ્યામ ઘાટ તથા ગામ જો ચોરા સહિતનું એક કરોડના ખર્ચે વિકાસ કામ થઇ રહ્યાં છે. જેમાં તળાવની અંદર પાણીના ફુવારા, વિવિધ લાઇટીંગ સાથે ડિઝાઇન, ઘનશ્યામ ઘાટ ઉપર ટાઇલ્સની કામગીરી ગામજો ચોરોનું કામ અંતિમ તબક્કે પહોચ્યું છે. 12મી ડિસેમ્બરના તેનું લોકાર્પણ કરાશે.

---

# મુંદરામાં બીડી-તમાકુ સેવન કરનારા દંડાયા:

જાહેર સ્વાસ્થ્ય જાળવવાના ઉદ્દેશથી મુંદરા એસ.ટી. બસ સ્ટેન્ડ વિસ્તાર સહિતના મુખ્ય જાહેર સ્થળો પર તમાકુ નિયંત્રણ કાયદા હેઠળ કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર અભિયાન મુંદરા તાલુકા આરોગ્ય અધિકારી ડો. યોગેન્દ્રપ્રસાદ મહતો અને પોલીસ ઇન્સ્પેક્ટર આર.જે. ઠુમ્મરનાં માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ હતી. ટીમે જાહેર સ્થળો પર બીડી-તમાકુનું સેવન કરતા લોકોને દંડ કર્યો હતો તેમજ શાળાઓની 100 મીટરની ત્રિજ્યામાં ગેરકાયદેસર વેચાણ કરતા દુકાનદારો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી હતી.

---

# ગુજરાતી સાહિત્યકારોને એવોર્ડ:

ગુજરાતી સાહિત્યમાં વિશેષ પ્રદાન આપવા બદલ ગુજરાતના સાહિત્યકારને ડો. જયંત ખત્રી-બકુલેશ એવોર્ડ તથા કચ્છી સાહિત્યમં વિશેષ પ્રદાન બદલ ડો. મનુભાઇ પાંધી એવોર્ડ અપાય છે. વર્ષ 2025 માટે ગુજરાતના સાહિત્યકાર દશરથ પરમારન. ડો. જયંત ખત્રી-બકુલેશ એવોર્ડ સર્વાનુમતે આપવાનું નક્કી કરાયું છે, જ્યારે સને 2025નો ડો. મનુભાઇ પાંધી એવોર્ડ કચ્છી સાહિત્યકાર આસમલ ધુલિયાને આપવાનું કારોબારી દ્વારા નિર્ણય કરાયો છે. ભુજની વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય ખાતે ખાતે 19 ડિસેમ્બરના યોજાનારા એવોર્ડ વિતરણ સમારંભમાં આ એવોર્ડસ એનાયત કરાશે.

---

## ભુજમાં અસાંજો ફિલ્મ ફેસ્ટીવલ:

ભુજના શરદ બાગ ખાતે 27 અને 28 ડિસેમ્બરના યુવાનોની સર્જનાત્મક પહેલને ઉજાગર કરતા અસાંજો ફિલ્મ ફેસ્ટિવલનું નવતર આયોજન કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ફેસ્ટિવલમાં ભુજ અને આસપાસના ગામોના 20 યુવાનોની 14 શોર્ટ ફિલ્મનું નિદર્શન કરાશે. કચ્છના સ્થાનિક સાથે ભારતના અન્ય શહેરોના યુવાઓની ફિલ્મો પણ આ મંચનો ભાગ બનશે. ભુજના નાગરિકો તથા ફિલ્મપ્રેમીઓને આ અનોખા ફિલ્મ ફેસ્ટિવલનો લાભ લેવા આયોજકો દ્વારા અપીલ કરાઇ છે.

---

## ધોળાવીરા ભુકંપનો આંચકો:

ધોળાવીરા નજીક આજે વહેલી સવારે 3.7 તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સિસ્મોલોજી કચેરી, ગાંધીનગર દ્વારા આ આંચકાની નોંધ લેવામાં આવી છે. સિસ્મિક ઝોન 5 માં આવતા સરહદી કચ્છ જિલ્લામાં ભૂકંપના આંચકાનો સિલસિલો યથાવત છે. છેલ્લા એક સપ્તાહમાં આ ત્રીજો ભૂકંપનો આંચકો નોધાયો છે. 5 ડિસેમ્બરના રાપર નજીક 2.6ની તીવ્રતાનો અને 4 ડિસેમ્બરના ખાવડા નજીક 3.3ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરીમાં નોંધાયો હતો.

---

## હવામાન:

જિલ્લામાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં મોટા તફાવતથી વાતાવરણમાં વિષમતા વધી છે. જિલ્લાના તમામ મથકો પર લઘુત્તમ તાપમાન યથાવત રહ્યુ છે પરંતુ મહત્તમ તાપમાનનો પારો ઉચકાયો છે. પવનની ઝડપ ઘટતા મહત્તમ તાપમાનમાં વધારો થયો છે જે 31થી 32 ડિગ્રી આસપાસ પહોંચ્યો છે. લઘુત્તમ તાપમાનની વાત કરીએ તો નલિયા 10 ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ મથક બની રહ્યું હતું. ભુજમાં આજે 14.4 ડગ્રી અને કંડલામાં 14.5 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

---